## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ફરીથી પેટમાં દુઃખ્યુંને...? મે તને કહ્યું હતું કે મફતનું તને પચતું નથી... ભગવાનનો રથ ખેંચ્યા વગર મોસાળમાં મોહનથાળ દાબી આવ્યો લાગે છે...!!

# સે-૨૭ની એકતા કોલોનીમાં ચોર મચાવે શોર...સ્થાનિકોમાં ફફડાટ

## છેલ્લા એક અઠવાડીયામાં ચોરીના બે થી ત્રણ બનાવો : ગતરાત્રે પણ ચોર ધાબા ખુંદી રફુચક્કર

## સ્થાનિકોએ મકાનોમાં સેફ્ટી લોક લગાવાનુ શરૂ કર્યુ : સી.સી. કેમેરા મુકવા પણ વિચારણા

ગાંધીનગર તા ૧૫

શહેરમાં તસ્કરી વૃતિ ફુલીફાલી છે. સેકટરોમાં ચોરીનો ઉપદ્રવ વધતા નગરજનોમાં ખૌફ પ્રવર્તયો છે. જેના લીધે વરસાદી રાતમાં પણ નગરજનોએ ઉજાગરા કરવાનો વારો આવ્યો છે. સે-૨૭ની એકતા કોલોનીને હમણા તસ્કરોએ ટાર્ગેટ બનાવી છે. આ સોસાયટીમાં છેલ્લા અઠવાડીયામાં ચોરીના બે થી ત્રણ બનાવો બનતા સ્થાનિકોમાં ફફડાટ છે. જયારે ગતરાત્રે પણ સોસાયટીના મકોના ધાબા ખુંદી ચોર રફુચક્કર થઈ જતા હવે સ્થાનિકવાસીઓએ સતર્કતા દાખવી પોતાના મકાનના મુખ્યદરવાજે સેફટી લોક લગાવાનુ પણ શરૂ કરી દીધુ છે. રોજ રાત્રિના ચોર મચાયે શોર... જેવા દ્રશ્યો સર્જાય છે. સોસાયટીમાં પોલીસ પેટ્રોલીંગ તો થાય છે..પરંતુ સ્થાનિક રહીશોએ પણ હવે તસ્કરીથી બચવા માટે પેટ્રોલીંગ શરૂ કરી દીધુ છે. શહેરમાં ચોરીના બનાવો છેલ્લા કેટલાક સમયથી વધ્યા છે. ત્યારે આમ નાગરિકોને ભય સતાવી રહયો છે. સેકટરોમાં વરસાદી રાતમાં અંધારપટ્ટ વચ્ચે તસ્કરો ગમે ત્યારે હાથફેરો કરી રફુચક્કર થઈ જાય તેવી સ્થિતિ છે. સે-૨૭ની એકતા કોલોનીને હમણાં તસ્કરોએ ટાર્ગેટ બનાવી છે.છેલ્લા એક સપ્તાહમાં આ સોસાયટીમાં ચોરીના બે થી ત્રણ બનાવો બનતા સ્થાનિકોમાં ભય પ્રવર્તયો છે. બે દિવસ અગાઉ પણ સોસાયટીમાં ચોરના આવવાનો અહેસાસ થતા સ્થાનિકોએ બુમાબુમ કરી દીધી હતી જો કે પોલીસ પણ આ વેળાએ પેટ્રોલીંગમાં હોવાથી ચોરનુ પગેરુ જાણવા માટે પુરતા પ્રયાસ થયા હતા. જયારે ગતરાત્રિએ પણ સોસાયટીના સળંગ મકાનોમાં ધાબાની કોમન વોલ કુદીને ચોર પલાયન થઈ ગયો હોવાનુ પણ સ્થાનિકો માની રહયા છે. આવા સંજોગોમાં સેકટરવાસીઓમાં પણ ફફડાટ પ્રવર્તયો છે. ત્યારે સોસાયટીના મકાનોમાં સેફટી લોક લગાવાનુ પણ શરૂ કરી દેવાયુ છે.જયારે સી સી ટી વી કેમેરા લગાવવા માટે વિચારણા ચાલી રહયા છે. ચોરના આતંકથી સર્તક સ્થાનિકો હવે રાત્રિના સમયે ઉજાગરા કરી પેટ્રોલીંગ પણ કરી રહયા છે. સેકટરમાં છેલ્લા એક સપ્તાહથી સતત ચોરીના પ્રયાસ થઈ રહયા હોવાનુ પણ સ્થાનિકો જણાંવી રહયા છે.



ગાંધીનગરમાં સે-૧૨ માધ્યમિક સ્કુલ ખાતે જિલ્લા કક્ષાની રાયફલ શુટિંગ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં શહેરના યુવા શુટિંગ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

# વૃક્ષછેદન સામે લોક આંદોલનના મંડાણ : શહેરમાં આવતીકાલે બેઠક

ગાંધીનગર, તા. ૧૫

પાટનગરમાં ત્રણ વર્ષ અગાઉ થયેલા પંચામૃત ભવન વિરોધી આંદોલનનું પુનરાવર્તન આગામી દિવસોમાં થવા જઈ રહ્યું છે. ચ-૦ થી અડાલજ-વૈષ્ણોદેવી સર્કલ સુધીના માર્ગને પહોળો કરવાની કામગીરીમાં અવરોધરૂપ સમગ્ર વિસ્તારના હજારો વૃક્ષોનું તંત્ર દ્વારા છેદન કરવાના કૃત્ય સામે શહેરની વિવિધ સંસ્થાઓ, સંગઠનો પર્યાવરણ પ્રેમીઓ અને જાગૃત નાગરિકોએ વિરોધ પ્રદર્શિત કરી પર્યાવરણનો વિનાશ રોકવાની કટીબદ્ધતા સાથે ઉગ્ર લોકઆંદોલન કરવાનો નિર્ણય કર્યો છે. જેમાં રાજ્યભરની પર્યાવરણ સંસ્થાઓ અને પર્યાવરણ પ્રેમીઓ પણ સંગઠિત થઈ જોડાનાર છે. આંદોલનની રૂપરેખા સાથે ચોક્કસ નીતિ ઘડી કાઢવા તા. ૧૭મી જુલાઈ, ૨૦૧૮, મંગળવારના રોજ ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ખાતે સરદાર પ્રતિમા પાસે મહત્વની બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર છેલ્લા કેટલાક વર્ષોથી વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. પરંતુ વિકાસને નામે છાશવારે હજારોની સંખ્યામાં લીલાછમ વૃક્ષોનું છેદન થતાં એક સમયનું વિશ્વનું સૌથી હરિયાળુ ગણાતુ ગાંધીનગર હરિયાળી ગુમાવતુ જાય છે. જેને કારણે પર્યાવરણ પ્રેમીઓ અને જાગૃત નાગરિકો આઘાત સાથે રોષ વ્યક્ત કરી રહ્યાં છે. આગામી સમયમાં ચ-૦થી અડાલજ તરફના ધોરીમાર્ગને પહોળો કરવાની યોજના તૈયાર કરી આ વિસ્તારના હજારો વૃક્ષોને દૂર કરવા સરકાર દ્વારા નિર્ણય લેવાયો છે ત્યારે 'પર્યાવરણના ભોગે વિકાસ નહિ'ના સૂત્ર સાથે જાગૃત નાગરિકો, સંસ્થાઓ અને પર્યાવરણ પ્રેમીઓએ આ વૃક્ષોને બચાવવા માટે લોકઆંદોલન કરવાનો નિર્ણય કર્યો છે.

જેમાં રાજ્યની અગ્રેસર પર્યાવરણ સંસ્થા ગ્રીન ગ્લોબલ સહિત અન્ય સંગઠનો, પર્યાવરણપ્રેમીઓ પણ જોડાનાર છે. આગામી ૧૭મી જુલાઈ, મંગળવારના રોજ સવારે ૯.૩૦ કલાકે ઘ-૪ સ્વર્ણિમ પાર્ક સરદાર પટેલ પ્રતિમા પાસે આ સંદર્ભે એક મહત્વની બેઠક રાખવામાં આવી છે. જેમાં ચર્ચા-વિચારણા કર્યા બાદ મુખ્યમંત્રી તથા અન્ય મહાનુભાવોને આવેદનપત્ર આપવામાં આવનાર છે. પર્યાવરણપ્રેમી મિત્રો, સંસ્થાઓ અને જાગૃત નાગરિકોને આ બેઠકમાં ઉપસ્થિત રહી અભિયાનમાં સહભાગી થવા અગ્રણીઓ અરુણ બુચ, અંજના નિમાવત, ગ્રીન ગ્લોબલ ગુજરાતના નિલેશ રાજગોરે આમંત્રણ પાઠવ્યું છે.



જય વિશાલ મહિલા કેળવણી ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી રથયાત્રાના પાવન અવસરે શ્યામજીકૃષ્ણ વર્મા સોસાયટી, સેકટર-૭, ગાંધીનગર ખાતે વૃક્ષારોપણનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં કપિલ ડાભી, મિલન ભટ્ટ તરફથી ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# પાટનગરના ત્રણ મોટા હત્યારાઓ પેરોલ જમ્પ કરી ભાગી છૂટયા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના ચકચારી ત્રણ અલગ-અલગ હત્યા કેસોમાં સંડોવાયેલા ત્રણ મોટા આરોપીઓ છેલ્લા એક મહિનામાં કોર્ટમાંથી પેરોલ રજા મેળવીને પેરોલનો સમય પૂર્ણ થયા બાદ પણ જેલમાં હાજર ન થઈ પેરોલ જમ્પ કરીને ફરાર થઈ ગયા હોવાનું ધ્યાને આવી છે. ત્રણેય પેરોલ જમ્પ આરોપીઓ ગાંધીનગરમાં ગુનાઈત હિસ્ટ્રી ધરાવે છે. જેમાં અમીન બાદશાહ તો ભરી કોર્ટમાંથી ભાગી છૂટયો હતો અને ત્યારબાદ નાસિકથી પકડાયો ત્યારે પણ ચોરીના મુદ્દામાલ સાથે પકડાયો હતો. તો બીજી તરફ પ્રકાશ ઉર્ફે પકો ચીની એક હત્યા કેસમાં જેલમાં હતો ત્યારે જામીન પર છૂટ્યા બાદ તેણે ફાયરિંગ કર્યા ઉપરાંત અપહરણ અને ખંડણી માગવા જેવા ગંભીર ગુનાઓ પણ આચરવાનું શરૂ કર્યુ હતું. પેરોલ પર ફરાર થઈ ગયેલા આ ત્રણેય મોટા આરોપીઓને પકડવા ગાંધીનગર એલસીબીની એક ટીમ સક્રિય છે.

**ડબલ મર્ડર કેસનો આરોપી આમીન બાદશાહ મન્સુરી, નવીન શાહ હત્યા કેસનો આરોપી મૌનીક ઉર્ફે મજનુ અને નવરાત્રિમાં યુવાનની ક્રુરતાથી હત્યા કરી નાખી હતી તે સુત્રધાર પકો ચિની પણ પેરોલ પર છૂટી ફરાર થઇ ગયો**

મળતી માહિતી મુજબ નવનીત ગાલા કંપનીના ડિરેક્ટર નવીન શાહનું અપહરણ કરી ખંડણી માંગવાના ઈરાદે તેમની હત્યા કરી દેવાના પ્રકરણમાં પકડાયેલો મુખ્ય સૂત્રધાર સે-૪નો મૌનિક ઉર્ફે મજનુ પટેલ તાજેતરમાં જ પેરોલ રજા મેળવીને છૂટ્યો હતો અને ત્યારબાદ રજા પૂર્ણ થયા હોવા છતાં જેલમાં પરત ન આવતા બહાર આવ્યું હતું કે મજનુ પેરોલ જમ્પ કરીને ફરાર થઈ ગયો છે. આ જ એક થી બે મહિનાના સમયગાળામાં ગાંધીનગરના મજનુ ઉપરાંત અન્ય બે ચકચારી હત્યા કેસનાં આરોપીઓ પણ પેરોલ જમ્પ કરીને ફરાર થઈ ગયા હોવાનું ધ્યાને આવ્યું છે. સેક્ટર-૬માં ડો.નૂપુર અને તેની માતા બંનેની કરપીણ હત્યા કરી મકાનમાંથી લૂંટ ચલાવી ભાગી જવાનાં ગુનામાં તેના પડોશી જ આમીન બાદશાહ મન્સુરી પકડાયો હતો. જેલમાં ધકેલાયેલા આમીનને ગાંધીનગર કોર્ટમાં મુદતે લાવવામાં આવ્યો હતો ત્યારે ભરી કોર્ટમાંથી જજની સામે જ કઠેડો કૂદીને કોર્ટની બારીમાંથી કૂદકો મારી આમીન બાદશાહ ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ ગાંધીનગર પોલીસ તેને નાસિકથી શોધી લાવી હતી અને તે સમયે પણ તેની પાસેથી હથિયાર અને ચોરીના મુદ્દામાલ મળી આવ્યા હતા. ફરી તેને જેલ ભેગો કર્યા બાદ પેરોલ પર તાજેતરમાં છૂટ્યો હતો અને ચકમો આપીને ફરી નાસી ગયો છે.

આ બંને કેસ ઉપરાંત ત્રીજો કેસ અત્યંત ચકચાર મચાવનારો હતો તે નવરાત્રી દરમિયાન સામાન્ય માથાકૂટ થતાં એક યુવાનને ટોળકીએ ભેગા થઈને ક્રૂરતાપૂર્વક માર મારીને હત્યા કરીને ફેંકી દીધો હતો. આ પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર સેક્ટર-૬નો પ્રકાશ ઉર્ફે પકો ચીની સહિત આઠ આરોપીઓને ગાંધીનગર કોર્ટે આજીવન કેદની સજા આપી છે. આ ચકચારી કેસમાં મુખ્ય સૂત્રધાર પ્રકાશ ઉર્ફે પકો ચીની જામીન પર છૂટ્યો હતો ત્યારે શહેરના સેક્ટર-૬માં ડીજે સાથે તેને વરઘોડો નીકાળ્યો હતો. ત્યાર બાદ જામીન પર હતો ત્યારે જ તેણે અપહરણ, ખંડણી અને જાનથી મારી નાખવાનો પ્રયાસ કરવા ઉપરાંત ફાયરિંગ કરવા સહિતના ગંભીર ગુનાઓ આચર્યા હતા. પોલીસના હાથે માંડ આરોપી પણ પકડાયો હતો અને જેલ ભેગો કર્યો હતો ત્યારે આ આરોપી પણ તાજેતરમાં પેરોલ જમ્પ કરીને ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. હવે આ ત્રણેય ક્રિમિનલને પકડવા ગાંધીનગર એલસીબીની ટીમ દોડતી થઈ ગઈ છે.

# લોકસભા પહેલાં કોંગ્રેસમાં 'ઘરવાપસી' થાય કે નહીં, ભાજપનું 'ઘરભરો' મિશન સફળતા તરફ

ગુજરાતમાં કોંગ્રેસનો ઘરવાપસીનો કાર્યક્રમ સફળ થાય કે ના થાય, ભાજપનો ઘરભરો કાર્યક્રમ સફળ થઈ રહ્યો છે. લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસના મજબૂત અને ચૂંટણી જીતી શકે તેવા નેતાઓને ભાજપમાં પ્રવેશ કરાવવામાં આવી રહ્યો છે. એક યોગાનુયોગ છે કે અમિત શાહ જ્યારે ગુજરાત આવે છે ત્યારે ભાજપના નેતાઓ નહીં કોંગ્રેસના પ્રદેશ નેતાઓ ફફડી ઉઠે છે. અમિત શાહ એરપોર્ટ પર પગ મૂકે છે ત્યારે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અને વિપક્ષના નેતા તેમના

### ગુજરાત વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૯ સફળ બનાવે તેવા ઓફિસરોની તલાશ

ધારાસભ્યો અને પૂર્વ સંસદસભ્યોની ખબર અંતર પૂછવાનું શરૂ કરે છે. રાજકોટના કોળી નેતા કુંવરજી બાવળિયાએ ભાજપને પોતાનું ઘર બનાવ્યું ત્યારે કોંગ્રેસને એમ હતું કે હવે બધું પતી ગયું છે પરંતુ જેવી અમિત શાહની એન્ટ્રી થઈ કે કોંગ્રેસના ભૂતપૂર્વ ધારાસભ્ય અને શંકરસિંહ વાઘેલાના પુત્ર મહેન્દ્રસિંહનો ભાજપ પ્રવેશ થયો છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ ગુજરાતમાં ચૂંટણી જીતીને નહીં, કોંગ્રેસના નેતાઓને ભાજપમાં પ્રવેશ અપાવીને કોંગ્રેસ મુક્ત ગુજરાતનો નારો ગજવી રહ્યાં છે. સૂત્રો કહે છે કે લોકસભાના ૨૬ પૈકી ૧૫થી વધુ ઉમેદવારો ભાજપ બદલી રહ્યું છે તેમાં કોંગ્રેસમાંથી આયાત થયેલા ઉમેદવારોની સંખ્યા ૮ હોય તો નવાઈ પામવા જેવું નહીં હોય...

**વાયબ્રન્ટ ઓફિસરોની શોધખોળ ચાલી રહી છે...**

ગુજરાત સરકારે તાજેતરમાં સિનિયર આઈએએસની બદલીઓ કરી છે પરંતુ હજી આ ટ્રાન્સફર અધુરી છે. હજી બીજા તબક્કાની બદલીઓ બાકી છે, કારણ કે નવમી ગુજરાત વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ જાન્યુઆરી ૨૦૧૯માં યોજાવા જઈ રહી છે ત્યારે ઉદ્યોગ અને તેને સંલગ્ન વિભાગોમાં મોટાપાયે ફેરફારો આવી રહ્યાં છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વાયબ્રન્ટ ટીમ તૈયાર કરવી પડશે. ગુજરાતની છ વાયબ્રન્ટ સમિટમાં ડી.રાજગોપાલન, એ.કે.શર્મા, એસ.કે.નંદા, ડી.જે.પાંડિયન, એસ.અપર્ણા, મહેશ્વર શાહુ જેવા અધિકારીઓની મહેનત રંગ લાવી હતી પરંતુ આ ઓફિસરો અત્યારે ગુજરાત સરકારમાં નથી તેથી તેમના જેવા મહેનતુ અને વાયબ્રન્ટને સમજી શકનારા ઓફિસરોની શોધ શરૂ કરવામાં આવી છે. વાયબ્રન્ટના સાક્ષી હોય તેવા અધિકારીઓમાં હાલ એસ.જે.હૈદર, અજય ભાદુ, પંકજકુમાર, અરવિંદ અગ્રવાલ, મમતા વર્મા, મનોજકુમાર દાસ મોજૂદ છે, જેથી રૂપાણી સરકારને ગાઈડન્સ મળી રહેશે. જો કે હાલ પીએમઓમાં ફરજ બજાવતા અધિકારીઓ પણ ગુજરાતને વાયબ્રન્ટ સમિટમાં મદદ કરી રહ્યાં છે, કારણ કે તેમની પાસે અનુભવનું ભાથું છે. આમ છતાં કેટલાક ફેરફારો સરકાર માટે અનિવાર્ય બન્યા છે.

**ડાગુર સાહેબ નીમ પ્રોજેક્ટનું ધ્યાન રાખજો...**

ગુજરાતના હોમ ડિપાર્ટમેન્ટના અધિક મુખ્યસચિવ એમ.એસ.ડાગુર જુલાઈમાં વય નિવૃત્ત થઈ રહ્યાં છે તે પૂર્વે તેમની બદલી ગુજરાત નર્મદાવેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ-જીએનએફસીમાં મેનેજીંગ ડિરેક્ટર તરીકે કરવામાં આવી છે. ડાગુર પહેલા એવા ઓફિસર છે કે જેમની નિવૃત્તિને ૧૫ દિવસ બાકી છે ત્યારે તેમને સરકારી સાહસમાં બે વર્ષ માટે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ સાહસનો નીમ પ્રોજેક્ટ રાજ્યના ૨૫ જિલ્લાઓના ૫૦૦૦થી વધુ ગામોમાં સક્રિય છે. લીમડાની પ્રોડક્ટ્સ બનાવવામાં મશહૂર થયેલા નીમ પ્રોજેક્ટનું ડો. રાજીવકુમાર ગુપ્તાએ સિંચન કર્યું છે. તેમના કાર્યકાળમાં એક ડઝન કરતાં વધુ એવોર્ડ આ પ્રોજેક્ટે મેળવ્યા છે. હવે તેમની બદલી ફોરેસ્ટ એન્ડ એનવાયર્નમેન્ટ ડિપાર્ટમેન્ટમાં કરવામાં આવી છે. ડાગુર માટે આ વિશેષ જવાબદારી છે, કારણ કે આ સામાજીક અને આર્થિક પરિયોજના છે અને તેમાં ગામડાની ૪૦૦૦ મહિલાઓ આવક મેળવી રહી છે. રાજીવકુમાર ગુપ્તાના આ પ્રોજેક્ટમાં ત્રણ વર્ષમાં ત્રણ લાખ મહિલાઓને ૩૫ કરોડ કરતાં વધુનું મહેનતાણું સુપરત કર્યું છે. આ નીમ પ્રોજેક્ટને ત્રણગણો આગળ લઈ જવામાં એમ.એસ. ડાગુરનું યોગદાન રહે તેવી શુભેચ્છાઓ તેમને આપવી પડે...

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

**મફતમાં ઝેર મળે તો તે પણ ભારત લઇ લે છે...**

મેડીકલ ડમ્પીંગની સમસ્યા વિશ્વના દેશોને સતાવે છે તેના કરતાં ભારતને વધારે પ્રમાણમાં પરેશાન કરે છે. હમણાં જ બ્રિટનના સીરિંજ પમ્પનો વિવાદ ચાલી રહ્યો છે જેમાં કહેવાય છે કે બ્રિટનમાં અસંખ્ય મોત થતાં હોસ્પિટલોએ આ પમ્પ રદ કર્યા પછી તે ભારત, નેપાળ અને સાઉથ આફ્રિકા જેવા દેશોને દાનમાં આપ્યા છે. સવાલ એ છે કે બ્રિટનમાં જે ઝેર છે તે ભારતની દવા બને છે. મેડીકલના મામલામાં ભારત ખતરનાક મોડ પર ઉભું છે. એક અનુમાન છે કે ભારત હેલ્થકેરની તેની જરૂરિયાત સંતોષવા માટે ૭૫ ટકા સામાન આયાત કરે છે. મેડીકલ ડમ્પીંગ રોકવા માટે આપણી પાસે કોઈ પુખ્તા કાનૂન નથી. સરકારની કોઈ નિશ્ચિત નીતિ પણ નથી. એક રિપોર્ટ પ્રમાણે વિકાસશીલ દેશો પાસે જે મેડીકલ ઉપકરણો ઉપલબ્ધ છે તેમાંથી ૮૦ ટકા દાનમાં મળેલા છે જે પૈકી ૪૦ ટકા મશીનો કામ કરતા નથી. ડબલ્યુએચઓના રિપોર્ટમાં એક બાબત સામે આવી છે કે વિકાસશીલ દેશોમાં દસમાંથી એક દવા ખરાબ છે અથવા તો નકલી છે. એક મેડીકલ વૈજ્ઞાનિક એ.કે.અરૂણ કહે છે કે મેડીકલ ડોનેશન માટે ભારત પાસે કોઈ સ્પષ્ટ નિતી કે દિશા નથી. આપત્તિના સમયે અન્ય દેશોમાંથી ભારતને દૂષિત મેડીસિન અને હલકી ગુણવત્તાના સાધનો ગિફ્ટમા મળે છે પરંતુ તે સ્વાસ્થ્ય સાથે ભયાનક ચેડાં સમાન છે.

**ગુજરાત ભવનમાં હવે કેમ છો... સંભળાય છે...**

ગુજરાત ભવન નામ ક્યાંય સાંભળવા મળે ત્યારે કોઈપણ રાજ્ય કે પ્રદેશમાં ગુજરાતીઓના કાન ઉંચા થઈ જાય છે અને એક હાશકારો અનુભવે છે કે હાશ, આપણને ગુજરાતી યજમાન મળ્યા... પરંતુ દિલ્હીના ગુજરાતી ભવનમાં એન્ટર થઈએ તો આપણને એવું લાગે કે આપણે કોઈ ઉત્તરપ્રદેશ કે બિહારના ભવનમાં આવ્યા છીએ. ગુજરાત ભવનમાં બિન ગુજરાતી એટલે કે હિન્દી ભાષી અધિકારીઓની તાનાશાહી ચાલતી રહી છે, પરંતુ હવે તે ધીમે ધીમે ઓછી થઈ રહી છે. દિલ્હી સ્થિત રેસિડેન્ટ કમિશનર આરતી કનવરની નિયુક્તિ પછી હવે તેમણે ગુજરાતી છટાને વધારે મહત્વ આપ્યું છે. રસોઈમાં તેમણે વધુ ગુજરાતી સ્વાદ ઉમેરાવ્યા છે. ગુજરાત ભવનને તેઓ ગુજરાત મોડલ બનાવવા માગે છે. હવે જે ભરતી થઈ રહી છે તેમાં પણ ગુજરાતી ઓફિસરો તેમજ કર્મચારીઓ લેવાય તેવો તેમનો આગ્રહ છે. જો કે ગુજરાતમાંથી દિલ્હી જવા કોઈ તૈયાર થતું ન હોઈ ભવનમાં હિન્દીભાષી સ્ટાફ રાખવો પડે છે. આરતી કનવર આ ભવનને ગુજરાત મોડલ બનાવવા માગે છે.

**જેમને નથી જવું તેમને દિલ્હી જવા મળે છે...**

ગુજરાતમાંથી ડેપ્યુટેશન પર નવી દિલ્હી જવા માગતા અધિકારીઓને દિલ્હી જવાનું મળતું નથી પરંતુ જેમને જવું નથી તેમને દિલ્હી મોકલી દેવામાં આવે છે. ડેપ્યુટેશનની યાદીમાં જેમનું નામ ન હોય તેવા અધિકારીઓને ડેપ્યુટેશન પર મોકલી દેવામાં આવે છે. ગુજરાતના ઓછામાં ઓછા સાડા ત્રણ ડઝન ઓફિસરો દિલ્હીમાં ગયેલા છે. એટલું જ નહીં બે મહિને એક ઓફિસર ડેપ્યુટેશન પર દિલ્હી જાય છે. આપણા વેટ કમિશનર (હજી જીએસટી કમિશનર બન્યા નથી)- પી.ડી. વાઘેલાએ ડેપ્યુટેશન પર દિલ્હી જવાની માગણી કરી હતી પરંતુ તેમને તેમ કહીને ના પાડી દેવામાં આવી છે કે તમારે લોકસભાની ચૂંટણી સુધી વેટ કમિશનર તરીકે રહેવાનું છે. ૨૦૧૪થી એક જ પોસ્ટ પર ફરજ બજાવે છે છતાં બદલીના પહેલા તબક્કામાં તેમની બદલી પણ કરવામાં આવી નથી.

### રાજીવ ગુપ્તાએ વાવેલા નીમ પ્રોજેક્ટના બીજ ઉછેરવાની ફરજ એમ. એસ. ડાગુરને માથે

ઉલ્લેખનીય છે કે ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના સભ્ય સચિવ હાર્દિક શાહને દિલ્હી જવું ન હતું પરંતુ તેમને દિલ્હી મોકલી દેવામાં આવ્યા હતા. પોલ્યુશન સામે નહીં ઝૂકનારા એક ઉત્તમ કોટીના ટેકનિકલ ઓફિસરને ગુજરાત છોડાવી દિલ્હી લઈ જવામાં આવ્યા છે.

**મેટ્રો નહીં તો મ્જ્જી આપો, ગાંધીનગરની સફર સુધારો...**

ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે એસટી બસની અનિયમિતતા વચ્ચે બે સિસ્ટર સિટીને જોડતી પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમની જરૂર છે, કારણ કે ૭૦ ટકા મુસાફરો ખાનગી વાહનોમાં સફર કરી રહ્યાં છે. સરકારે હાલ પુરતી ગાંધીનગરને મેટ્રો રેલ આપવાની દરખાસ્ત ઉડાવી દીધી છે ત્યારે બીઆરટીએસને ગાંધીનગર સુધી લંબાવવામાં આવે તો ડેઈલી અપ-ડાઉન કરતાં મુસાફરોને સુવિધા મળે. અમદાવાદ મેટ્રોરેલની ગતિ જોતાં ૨૦૧૯માં પહેલો તબક્કો પૂર્ણ થવાની શક્યતા જણાતી નથી. ૧૫ વર્ષ પછી પણ અમદાવાદની જનતા માટે મેટ્રોરેલનું સપનું અધુરૂં છે. સપ્ટેમ્બર મહિનામાં મેટ્રોરેલનું માત્ર ટ્રાયલ રન કરવામાં આવશે કે જ્યારે આ પ્રોજેક્ટના ૬.૫ કિલોમીટરનું અંતર પૂર્ણ થયું હશે. એપેરલ પાર્ક થી વસ્ત્રાલ સુધીની લાઈનો આ સમયમાં શરૂ થઈ શકશે. મેટ્રોરેલના પ્રથમ તબક્કામાં ભારતની સરકારની ઈક્વિટી ૧૯૯૦ કરોડ રૂપિયા છે જ્યારે તેટલી જ રકમ ગુજરાત સરકારની ઈક્વિટી છે. જાપાન સરકાર આ પ્રોજેક્ટમાં ૬૦૬૬ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપી રહી છે, જ્યારે ગુજરાત સરકાર તરફથી સબોર્ડિનેટ ડેબ્ટના ૭૨૭ કરોડ રૂપિયા આ પ્રોજેક્ટને મળવાના છે આમ કુલ ૧૦૭૭૩ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ કુલ ૩૭.૭૬૬ કિલોમીટરના અંતરની સફર કાપશે, જો કે તેમાં ગાંધીનગરનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

**નેનો ગાડીનું અત્યુતમ્-કેશવમ્ ...**

અમદાવાદ પાસેના સાણંદ પ્લાન્ટમાં જૂન મહિનામાં ટાટા મોટર્સે માત્ર એક જ નેનો કાર બનાવી છે તેથી એવું લાગી રહ્યું છે કે રતન ટાટા લાખ રૂપિયાની કારનો પ્રોજેક્ટ સમેટી લેશે. નેનોની જગ્યાએ અન્ય મોડ્યુલ્સ બનાવવાની દરખાસ્ત છેલ્લા ચાર વર્ષથી ચાલે છે પરંતુ હજી સુધી સરકારે તેને મંજૂરી આપી નથી, કારણ કે નેનો પ્રોજેક્ટના ૨૦૦૮માં થયેલા કરાર પ્રમાણે ટાટા મોટર્સ અન્ય કાર બનાવી શકાતી નથી. આ પ્રોજેક્ટમાં સરકારે ટાટા મોટર્સને ઈન્ડસ્ટ્રીઝના ઈતિહાસમાં સૌથી વધુ ૩૩૦૦૦ કરોડના લાભ આપ્યા છે.

# ગાંધીનગરમાં ખાનગી વાહનોની જય હો : એસ.ટી. તંત્ર ખાડે, ખાનગી વાહનોને જલસા

